

## પુંસરી ગામે ૫૭ દેશોના સચિવ અને પ્રભારી સચિવ જ્યંતી રવિએ વૃક્ષારોપણ કર્યુ

દેશના શ્રેષ્ઠ ગામ તરીકેનું બિરુદ મેળવનાર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પુંસરી ગામની ૫૭ દેશના ૧૩૮ ડેલીગેટ્સનું ઉચ્ચકક્ષાનું પ્રતિનિધિ મંડળે રવિવારે મુલાકાત લીધી હતી ''વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો'' અંતર્ગત પ્રભારી સચિવ જયંતિ રવિની ઉપસ્થિતિમાં ૫૭ દેશના ડેલિગેટ્સ દ્વારા પુંસરી ગામમાં વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કર્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં સાંસદ સભ્યો, ધારાસભ્યો, જીલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી અને સાબરકાંઠા વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.




## ખારી ગામના આદિવાસીઓએ ન્યાય માટે યોજી રેલી

અમીરગઢ તાલુકા ના ખારી ગામ ના ૪૬ જેટલા આદિવાસીઓની જમીન મામલો વધુ ગરમાયો છે. વન વિભાગ દ્વારા જમીન ખાલી કરાવવા સહિતની કથિત કનડગત ને લઈને આજે પાલનપુર ખાતે આદિવાસીઓએ રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી હતી. અમીરગઢ તાલુકાના ખારી ગામના અસરગ્રસ્ત આદિવાસીઓ દ્વારા અપાયેલ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, ખારી ગામના ૪૬ જેટલા આદિવાસી પરિવારો ના કબજા ભોગવટાવાળી જમીન પર રહેલા ઘર અને ઉભા પાક પર જેસીબી મશીન ફેરવી તોડફોડ કરી વન વિભાગ દ્વારા ભારે નુકસાન કરાયું છે. વન વિભાગ દ્વારા નોટીસો આપ્યા વિના જમીન ખાલી કરાવી હતી. ત્યારે અવારનવારની રજૂઆતો છતાં પગલાં ભરાયા નથી. દરમિયાન, વન વિભાગની કથિત રંજાડ સામે આજે આદિવાસીઓ પાલનપુર દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ પાલનપુરના જુના આર.ટી.ઓ. સર્કલથી કલેકટર કચેરી સુધી રેલી યોજી હતી. જે રેલી કલેક્ટર કચેરીએ પહોંચી હતી. જ્યાં આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી હતી. જેમાં વન વિભાગની કથિત કનડગત સામે આગામી સમયમાં કોઈ આદિવાસી આપઘાત કરશે તો તેની સમગ્ર જવાબદારી તંત્રની રહેશે તેવી ચીમકી ઉચ્ચારવામા આવી હતી. દરમિયાન, અસરગ્રસ્તોએ ન્યાય નહીં મળે ત્યાં સુધી કલેકટર કચેરીથી ઉભા નહિ થવાની ચીમકી આપતા ચકચાર મચી જવા પામી છે.



## રાજ્ય કક્ષાએ ચેમ્પિયન બનતાં હોકી ટીમના સભ્યોને શુભકામનાઓ પાઠવતાં કલેક્ટર

જે.બી. શાહ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ, મોડાસા ખાતે અરવલ્લી જિલ્લાની રાજ્યકક્ષાએ હોકી ટીમ ચેમ્પીયન બનતાં, નહેરૂ જુનીયર અન્ડર-૧૭ રાષ્ટ્રકક્ષાએ દિલ્હી ખાતે તા. ૧-૧૦-૨૦૧૮ થી તા. ૧૧-૧૦-૨૦૧૮ સુધી ભાગ લેવા જનાર છે. ભાગ લેનાર ૧૬ હોકી ખેલાડીઓ તથા કોચ સહીતને અરવલ્લી જિલ્લા કલેક્ટરે શુભકામનાઓ પાઠવી હતી.

# કાંકરેજ તાલુકાના કુવારવા આશ્રમમાં ભાજપની કારોબારી બેઠક યોજાઈ

કાંકરેજ તાલુકાના કુવારવા ખાતે આવેલા રાજ વિદ્યા પ્રચાર પ્રસાર સેવા આશ્રમમાં ભાજપના વરિષ્ઠ કાર્યકરો અને પદાધિકારીઓ ની કારોબારી યોજાઈ હતી અને આવનાર લોકસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે જે વ્યક્તિ ને પાર્ટી નકકી કરે તેમને તન મન અને ધન થી ખભે ખભો મીલાવી ૩ પાટણ લોકસભા ના ઉમેદવાર ને જીતાડી કમળ સાથે દિલ્લી મોકલી નરેન્દ્ર મોદીને ફરીથી વડાપ્રધાન બનાવવા માટે આહવાન કરવામાં આવ્યું હતું કાર્યક્રમ દરમિયાન દીપ પ્રાગટય કરી રાષ્ટ્ર ગીત થી કાર્યક્રમ ની શુભ શરૂઆત કરવામાં આવી હતી અને મહેમાનો ને ભાજપનો ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું ત્યારે અટલબિહારી બાજપાઈ ને યાદ કરી બે મિનિટ સુધી મૌન પાળી શ્રધાંજલિ અર્પણ કરી હતી અને તેમને પોકરણ માં અણુ ધડાકો કરી ભારત ને અણુ મહાસત્તા તરીકે ઓળખાય તેવી સુંદર કામગીરી કરી હતી અને જય જવાન જય કિસાન જય વિજ્ઞાન જેવા સુત્ર ને સાકાર કરવા માટે પ્રયત્નો કર્યા હતા ત્યારે આવનાર વર્ષ ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી માટે અત્યાર થી ૩.લોકસભા પાટણ માં આવતો કાંકરેજ તાલુકો ગઈ લોકસભા માં ૧૮૦૦૦ મતો ની લીડ ભાજપને આપી હતી અને લીલાધર વાઘેલા ને વિજય ઘોષિત કર્યા હતા અને જગદીશ ઠાકોર ને હાર આપી હતી ત્યારે હવે થોડા સમયમાં



લોકસભાની ચૂંટણીઓ ના પડઘમ વાગી રહયા છે ત્યારે કાંકરેજ તાલુકાના કુવારવા ખાતે બુથ લેવલ ની કારોબારી બેઠક મળી હતી અને યુનિટી ઑફ સ્ટેચ્યુ સરદાર વલ્લભભાઈ પટેલની ની પ્રતિમા વિશે માહિતી ભારતસિંહ ભટેશરીયા મહામંત્રી બનાસકાંઠા. કીર્તિસિંહ વાઘેલા. દિનેશ બાવરિયા. ડાયાભાઈ પીલિયાતર. અમરતભાઈ દેસાઈ. કિશોરભાઈ પ્રજાપતિ. ઝેણુભા વાઘેલા. મફજી સોલંકી. રશિકજી ઠાકોર તેમજ કુવારવા સરપંચ જીવાભાઈ પટેલ અને પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય રમેશભાઈ પટેલ સહિતના ભાજપના પદાધિકારીઓ અને બુથ લેવલ ના કાર્યકરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા ત્યારે ૩૧ ઓકટોબર ના રોજ ખેડૂતો એ આપેલ લોખંડના યોગદાન આપ્યું હતું તે યુનિટી ઑફ સ્ટેચ્યુ ની પ્રતિમા નું લોકાર્પણ થનાર હોઈ દરેક ખેડૂતો ને આમંત્રણ આપવામાં આવશે તેવું ભારતસિંહ એ જણાવ્યુ હતું અને લોકસભાની ચૂંટણી માટે ની તૈયારીઓ પુરજોશમાં શરૂ ભાજપ દ્વારા કરવામાં આવી રહી છે કાર્યક્રમ અંતર્ગત તમામને માટે ભોજન ની વ્યવસ્થા કુવારવા સરપંચ જીવાભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

### મોડાસા નગરપાલિકાના અંધેર વહીવટથી

# લાખ્ખો રૂપિયાના ખર્ચે બનેલ સુલભ શૌચાલયને ખંભાતી તાળા

મોડાસા, તા.૩૦ અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૮ સુલભ શૌચાલયો બનાવવામાં આવ્યા છે. મોડાસા આજુબાજુ અને દરવાજા પર ઝાડી-ઝાંખરા ઉંઘી નીકળતા બિન ઉપયોગી બની રહેલ. સુલભ શૌચાલય પ્રજાજનોના ઉપયોગ માટે ખુલ્લું મુકવાની પ્રબળ માંગ ઉઠી છે. શહેરમાં મોટાભગના

## મોડાસા પ્રાથમિક શાળા નજીક બનેલ મહિલા શૌચાલય બંધ રહેતા મહિલાઓ મુશ્કેલીમાં

મોડાસા નગરપાલિકાના મહિલા પ્રમુખ વનીતાબેન પટેલના કાર્યકાળ દરમિયાન મહિલાઓને બજારમાં ખરીદી દરમિયાન શૌચક્રિયા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાથી એક મહિલા પ્રમુખે મહિલાઓની તકલીફને વાચા આપતા મહિલા શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કેટલાક દિવસો ખુલ્લું રહેલ શૌચાલય મહિલા પ્રમુખનો કાર્યકાળ પૂર્ણ થતા અને યોગ્ય જાળવણીના અભાવે બંધ કરી દેવામાં આવતા મહિલાઓની શૌચ ક્રિયાની સમસ્યા યથાવત રહેતા મહિલા શૌચાલયના તાળા ખોલી યોગ્ય જાળવણી કરી શરુ કરવામાં આવે તે ખુબ જરૂરી હોવાનું મહિલાઓએ જણાવ્યું હતું.


શહેરના પહાડપુર રોડ પર લઘુમતી સમાજના રહેણાંક એરિયા નજીક ૫ વર્ષ અગાઉ લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલ સુલભ શૌચાલય નિર્માણ સમયથીજ તાળા મારી દીધા હોવાથી સુલભ શૌચાલયના સુલભ શૌચાલયો યોગ્ય જાળવણીના અભાવે ખંડેર બનાવની સાથે કેટલાક શૌચાલયોને ખંભાતી તાળા મારી દેતા નગરપાલિકા તંત્રનો અંધેર વહીવટ સામે શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે. જાહેર સુલભ શૌચાલયોમાં સાફ સફાઈ કરવામાં આવે અને બંધ પડેલ શૌચાલયો શરુ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.



શૌચાલય બનાવામાં આવ્યા છે. સુલભ શૌચાલયમાં યોગ્ય સાફ-સફાઈ અને જાળવણીના અભાવે ગંદકીથી ખદબદી રહ્યા છે. બનાવેલ સુલભ શૌચાલયો બંધ રહેતા લોકો ખુલ્લામાં શૌચ ક્રિયા કરવા મજબુર બન્યા છે. મોડાસાના શહેરીજનો દ્વારા ૧૮ સુલભ

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા શહેરના પહાડપુર રોડ, ડીપ વિસ્તાર, પંડ્યાા વાસ, પશુ દવાખાના, ચાર રસ્તા, પોસ્ટ કોલોની, સર્વોદય નગર, કુંભારવાડા સહીત ૧૮ સુલભ બીજીબાજુ કેટલાક સુલભ શૌચાલયની ખંભાતી તાળા લગાવી દેતા નગરપાલિકાના લાખ્ખો રૂપિયા પાણીમાં વહી ગયા હોય તેવો ઘાટ સર્જાયો છે. શહેરીજનો અને પ્રજાજનોના ઉપયોગ માટે શૌચાલયોનું જરૂરી મેઈન્ટેન્સ કરવામાં આવે અને ખંભાતી તાળા ખોલી લોક ઉપયોગી બનાવવા જોઈએ અને દરરોજ યોગ્ય સાફ-સફાઈ અને જાળવણી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

## દિવ્યાંગ ગુરુવર્ય ગૌરવ સન્માન જસુભાઈ કવિને પ્રાપ્ત થતા ગુજરાતના પ્રજ્ઞાચક્ષુઓમાં આનંદ



પ્રજ્ઞા મંદિર વઘઈ-સાપુતારા ખાતે યોજાયેલ ૨૨મીએ યોજાયેલ મહામહિમ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી યોજાયેલ પ્રજ્ઞા ચક્ષુઓના ગુરુવર્ય ગૌરવ સન્માન, પ્રેમસેવા ગૌરવ સન્માન પ્રજ્ઞાચક્ષુ વાલી, નૂતન અભિયાન/અભિગમ ગૌરવ સન્માન-પ્રજ્ઞાચક્ષુઓના ઘડતરમાં નૂતન અભિયાન/અભિગમ માટે અને દિવ્યાંગ પ્રતિભા ગૌરવ સન્માન, પ્રજ્ઞાચક્ષુઓ સ્વબળે ઘડેલ ઉત્તમ કારકિર્દી માટે યોજાયેલ એવોર્ડ અને સન્માન સમારોહમાં અંધજન મંડળના સેક્રેટરી ભૂષણ પૂનાની, પૂર્વ કમિશ્નર પ્રો.ભાસ્કર મહેતા સહીત અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગુજરાત વિશ્વકોશ સાથે સંકળાયેલા અંધજન મંડળ ના પૂર્વ પ્રિન્સિપાલ જસુભાઈ કવિને પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષણ અને તેમના જીવન ઘડતર અને વિકાસ માટે આપેલા દીર્ઘકાલીન, સફળ અને સાતત્યપૂર્ણ અને ફળપ્રદ પ્રદાન માટે માનવ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા એવોર્ડ થી સન્માનિત કરાયા હતા અને ૨.૫૧ હજાર પુરષ્કાર આપવામાં આવતા રાજ્યના પ્રજ્ઞાચક્ષુઓમાં આનંદ છવાયો હતો અરવલ્લી જીલ્લાના પ્રજ્ઞાચક્ષુઓ ભાવવિભોર બન્યા હતા.

## ડુવા ગામે શોચાલયમાં કૌભાંડ થયું હોવાની ગ્રામજનોની રાવ

સરકાર દવરા લોકોને ઘેર ઘેર શોચલાય બનાવી આપવાની યોજનાથી લોકોમાં ખુબજ ખીશીનો માહોલ જોવા મળી રહ્યો છે પરંતુ સરકાર ની યોજના સરકારી કર્મચારીઓ માટે સોનાનું ઈંડુ આપતી મુરગી સમાન દેખાઈ આવેછે વાત છે બનાસકાંઠા જિલ્લા ના ડુવા ગામ ની કે જ્યાં ગામ લોકો જણાવી રહ્યા છે કે સરકારની આ યોજના માં તલાટી અમારી ઓએસે ગેરકાયદેસર પૈસા માંગે છે અને જો અમે પૈસા આપવાની ના પડીએ તો અમારા શોચલાય કેન્સલ કરે છે ત્યારે ડુવા ગામના એક જાગૃત નાગરિક દવરા જિલ્લા કલેકટર સહિત ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે અને તેમાં જણાવ્યું છે કે અમારા ગામા શોચલાય બનાવવા માટે પૈસા આપે તેનું શોચલાય મંજુર થાય છે અને જે પૈસા નથી આપતા તેનું શોચલાય બનતું નથી તો કેટલીક જગ્યા ઉપર તો જુના શોચલાય બતાવી પૈસા પાસ કરી લીધા છે અને તે જગ્યા ઉપર હજુ સુધી કોઈ નવા શોચલાય બન્યા જ નથી માટે તંત જો આ બાબતે તાપસ કરે તો મસ મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે.




## ટેનિસ સ્પર્ધામાં મોડાસા કોર્મસ કોલેજનો વિદ્યાર્થી ઝળક્યો

રાજ્ય સરકારના ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત અરવલ્લી જીલ્લામાં વિવિધ રમતો યોજાઈ રહી છે જેમાં જીલ્લાના હજ્જારો વિદ્યાર્થીઓ ભાગ લઈ તેમનામાં રહેલી પ્રતિભા અનુસાર પ્રદર્શન કરી રહ્યા છે જીલ્લા કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ હતી જેમાં પ્રથમ ક્રમે ઋત્વિક ઉપધ્યાય અને દ્રિતીય ક્રમે મોડાસા મ.લા.ગાંધી ઉ.કે.મંડળ સંચાલિત એચ.એસ.શાહ કોમર્સ કોલેજનો મિલન તારક પટેલ નામનો વિદ્યાર્થી વિજેતા બનતા રાજ્ય લેવલના ખેલ મહાકુંભ-૨૦૧૮ માં પસંદગી થતા કોલેજ મંડળ અને મોડાસાના અગ્રણીઓએ અભિનંદ આપ્યા હતા.

## મોડાસા ખાતે અપેક્ષિત સંગઠનના કાર્યકરોની ઉપસ્થિતિમાં અરવલ્લી જિલ્લા ભાજપ કારોબારી યોજાઈ

મોડાસા, તા.૩૦ આજરોજ મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા ભાજપ ની કાર્યકારીણીની બેઠક પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મંત્રી અને હતી.જયતે જિલ્લા ઉપપ્રમુખ નિલાબેન મોડિયાએ અભિનંદન પ્રસ્તાવ રજૂ કરતા તમામ પ્રસ્તાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત મોડાસા પાલિકા પૂર્વ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં સાંસદ દીપસિંહ,પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, હીરાજી



પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી અને જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અમૃતસિંહે શોકપ્રસ્તાવ અને ઉપપ્રમુખ ભૂપતસિંહે રાજકીય પ્રસ્તાવ જ્યારે પ્રદેશ સભ્ય કનુભાઈ પટેલે ૧૯૯૫ થી આજસુધીના રાજ્ય અને કેન્દ્ર સરકારની લોકહિતમાં થયેલી વિકાસની ગાથા રજૂ કરી પ્રમુખ વનીતાબેન પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે વિસ્તૃત માહિતી આપી હતી.જ્યારે મહામંત્રી એસ.એમ.ખાંટે નિઃશુલ્ક સારવાર માટેની આયુષ્યમાન યોજના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ બેઠકમાં સરહદ ઉપર દેશની રક્ષા કાજે ઝઝૂમતા શહીદી વહોરનાર જિલ્લાના શહીદોના પરિવારના સભ્યોને તેમજ નિવૃત શહિદોનું પણ શાલ ઓઢાડીને પ્રદેશ ડામોર,ભીખીબેન પરમાર, ઉપરાંત છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર રહેલા ભીખુસિંહ પરમાર, પીસી બરંડા અને અદેસિંહ ચૌહાણ, નગરપાલિકાના પ્રમુખ સુભાષભાઈ શાહ સહિત અરવલ્લી ભાજપ સંગઠન ટીમ, જિલ્લાના અનુમસૂચિત મોરચા પ્રમુખ દિનેશભાઈ, કિસાન મોરચા પ્રમુખ બીપીનભાઈ પટેલ, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



## માલપુર વન વિભાગ દ્વારા પ્રાકૃતિક શિક્ષણ શિબિર યોજાઈ

અરવલ્લી જીલ્લાના માલપુર વનવિભાગ તંત્ર દ્વારા શનિવારે રેન્જ ફોરેસ્ટ ઓફિસર પી.પી.પટેલના માર્ગદર્શન હેઠળ વનકર્મીઓ અને મગોડી પ્રાથમિક શાળાના બાળકોએ પ્રાકૃતિક શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો જેમાં શાળાના બાળકોને જંગલ ટ્રેકિંગ કરાવી કુદરતી સંપત્તિ વિષે માહિતગાર કરાયા હતા અને બાળકોને કુદરતી સંપત્તિનું રક્ષણ કઈ રીતે થઈ શકે તેની સમજ આપી બાળકોને વનભોજન સાથે વિવિધ રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ યોજી બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરાતા બાળકોમાં આનંદ છવાયો હતો બાળકોએ ડુંગર પર ટ્રેકિંગ કરવાનો મોકો મળતા નવા અનુભવથી રોમાંચિત બની ઉઠ્યા હતા.

## પ્રાંતિજ ખાતે યુવા મતદાર મહોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૩૦ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યુવા મતદાર મહોત્સવ યોજાયો હતો જેમાં કોલેજના વિદ્યાર્થીઓને તથા ભાવિ મતદારોને મતદાન જાગૃતિ સહિતનુ માર્ગ દર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ના કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ ॰ કોમર્સ કોલેજ પ્રાંતિજ નાસહયોગથી કોલેજના વિદ્યાર્થીઓભાવિ મતદારોને જાગૃત કરવાના હેતુસર યુવા મતદાર મહોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં પ્રાંતિજ મામલતદાર આર.કે.પટણી, પ્રાંતિજ કોલેજના આચાર્ય કામર્શ્વરપ્રસાદ, નાયબ મામલતદાર બી.એચ.પુરોહિત, નાયબ મામલતદાર ડી.એ સિસોદિયા, દિગવિજયસિંહ ની હાજરીમાં વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ સમજાવી હાલ ચાલતા મતદારયાદી કાર્યક્રમની સમજણ આપી તો આબુ બાજુના કોલેજ સ્ટાફ સહિત કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં તો હાલ મતદારયાદી સુધારણા




ગામો સહિત આજુબાજુના લોકોને મતદાન અંગે જાગૃત કરવા નો પ્રયત્ન કરવા સમજાવવામાં આવ્યા હતાં તો આ પ્રસંગે કોલેજ ની વિદ્યાર્થીની અને સુપ્રસિદ્ધ ગાયિકા કિંજલ દવે પણ ઉપસ્થિત રહી કોલેજના વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત લોકોને મતદાન વિશેની જરૂરી સમજુતી આપવામાં આવી હતી તો કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યક્રમ ચાલી રહેલ છે જે આગામી તા.૧૫-૧૦-૨૦૧૮ સુધી યોજાનાર છે. જેમાં તા.૩૦-૯-૨૦૧૮ તથા તા.૧૫-૯-૨૦૧૮ ખાસ ઝૂંબેશ હોઈ બને દિવસોએ પ્રાંતિજ વિધાનસભા વિભાગના તમામ મતદાન મથકોએ બી.એલ.ઓ. મતદાર યાદી સુધારણા અર્થે ઉપસ્થિત રહેશે જેનો મતદારોને લાભ મળશે.